# ૫. બહાદુર બાળા

♦ ચાલો વાંચીએ...



સુંદરપુર નામનું એક ગામ હતું. તે ગામમાં એક સરસ મજાનું તળાવ હતું. તળાવને કિનારે વડનું ઝાડ હતું. તે ગામમાં એક સુખી પરિવાર રહેતો હતો. પરિવારમાં દાદા–દાદી, મમ્મી–પપ્પા, ભાઈ–બહેન, કાકા, ફઈબા હતાં. ભાઈ શૌર્ય અને બહેન વીરા ખૂબજ હોંશિયાર તો હતાં જ પરંતુ તેમનાં નામને સાર્થક કરે તેવાં બહાદુર પણ હતાં. તેઓ દરરોજ સાંજે તળાવના કિનારે રમવા જતાં.

એક દિવસ એવું બન્યું કે, તળાવને કિનારે રમતાં બાળકોમાંથી એક બાળક અચાનક જ તળાવમાં પડી ગયું. શૌર્ય અને વીરા આ જોઈને કોઈ પણ જાતનો વિચાર કર્યા વગર તરત જ તળાવમાં કૂદી પડ્યાં. પોતાના જાનની પરવા કર્યા વગર મહામુસીબતે પેલા બાળકને બહાર લઈ આવ્યાં. ઊંધો સુવાડી તેના પેટમાંથી પાણી કાઢી પછી નજીકની હૉસ્પિટલમાં લઈ ગયાં. પછી વીરાએ ફોન કરીને તેનાં મમ્મી–પપ્પાને બોલાવ્યા. તેમણે બધી વાત જાણ્યા પછી બંને ભાઈ–બહેનને ખૂબખૂબ અભિનંદન આપ્યાં.



આ વાતની જાણ આખા ગામમાં ફેલાઈ ગયા પછી ગામના લોકોએ આ ભાઈ–બહેનની બહાદુરીની ખૂબ પ્રશંસા કરી. તેમની શાળાએ ૨૬મી જાન્યુઆરીના દિવસે જાહેરમાં તેમની બહાદુરીનું સન્માન કરી ઇનામ આપીને નવાજ્યા.

---

ગરવા ગુજરાતમાં આવેલા ગિરનારની તળેટીમાં એક ગામડું છે. તેમાં માંડ સો–સવાસો ઘર છે. તેમાં એક ઘરમાં સંઘા રઘા કાઠી રહેતા હતા. તેમને દસ વર્ષની દીકરી શાંતા અને સાત વર્ષનો દીકરો કેશુ એમ બે સંતાનો હતાં.

એક દિવસ માતા–પિતા જંગલમાં મજૂરી કરવા ગયાં. સવારે દસ વાગ્યાનો સમય હતો. નાનો કેશુ આંગણામાં રમતો હતો. શાંતા નજીકના વાડામાં ગઈ હતી. ત્યાં જ અચાનક એક દીપડો ત્રાટક્યો. દીપડાની આંખો અંગારા જેવી હતી. દાંત અણિયાળા હતા. આવો વિકરાળ દીપડો નાના કેશુને કોળિયો બનાવવા આગળ ને આગળ ધસી રહ્યો હતો. ત્યાં જ અચાનક શાંતા આવી ચડી. તેની પાસે કોઈ જ હથિયાર નહોતું.

નજીકમાં પડેલું એક સોઢું લઈ તે તરત જ દીપડા ઉપર કૂદી પડી. તેણે દીપડાને ફટાફટ સોઢાના ફટકા મારવા




માંડ્યા. દીપડો ચકરી ખાઈ ધરાશાયી થઈ ગયો.

આ ઘટનામાં શાંતાએ વિરલ અને અભૂતપૂર્વ શૌર્ય બતાવ્યું હતું. માટે ૨૬ જાન્યુઆરી ૧૯૯૪માં રાષ્ટ્રપતિના વરદ્‌હસ્તે શાંતાનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

(નોંધ : આ એક સત્યઘટના છે. બાળકો, તમે પણ શાંતાની જેમ સામે આવેલા પડકાર ઝીલવાની ભાવના અત્યારથી જ કેળવજો. તમે પણ ખરેખર બહાદુર જ છો. ખરું ને ! તો પછી આજથી જ મનમાં રહેલા કોઈ પણ પ્રકારના ખોટા ભયને કાઢી નાંખજો.)

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

| | | | |
|---|---|---|---|
| ૧) બાળક | – ...................... | ૨) એકાએક | – ...................... |
| ૩) ઓજાર | – ...................... | ૪) ભયંકર | – ...................... |
| ૫) ચાબૂક | – ...................... | ૬) જમીનદોસ્ત | – ...................... |
| ૭) બહુમાન | – ..................... | ૮) ધારદાર | – ...................... |

**સ. ૨ ઉદાહરણ પ્રમાણે કરો.**

દા.ત. ગામડું – ગામડાં

| | | | |
|---|---|---|---|
| ૧) હથિયાર | – ...................... | ૨) સંતાન | – ...................... |
| ૩) દીપડો | – ...................... | ૪) દીકરી | – ...................... |
| ૫) દિવસ | – ...................... | ૬) આંગણું | – ...................... |

**સ. ૩ શબ્દોને યોગ્યક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ વાક્ય બનાવો.**

૧) સંઘા રહેતા રઘા એક કાઠી ઘરમાં હતા

૨) હતી જેવી અંગારા આંખો દીપડાની

૩) ફટાફટ ફટકા તેણે સોંઢાના માર્યા દીપડાને

૪) કર્યું હતું અભિવાદન શાંતાનું રાષ્ટ્રપતિએ

**સ. ૪ નમૂના પ્રમાણે શબ્દ બનાવો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (અ) દા.ત. તળેટી – શિખર | | | (બ) દા.ત. કાકા – કાકી | | |
| ૧) સવાર | – | ...................... | ૧) માતા | – | ...................... |
| ૨) નાના | – | ...................... | ૨) ભાઈ | – | ...................... |
| ૩) સત્ય | – | ...................... | ૩) પતિ | – | ...................... |
| ૪) આગળ | – | ..................... | ૪) દીકરી | – | ...................... |

**સ. ૫ ઉદાહરણ પ્રમાણે શબ્દ લખો.** દા.ત. બહાદુર – બહાદુરી

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) હોંશિયાર | – | ...................... | ૨) વફાદાર | – | ...................... |
| ૩) જવાબદાર | – | ...................... | ૪) સમજદાર | – | ...................... |
| ૫) ઈમાનદાર | – | ...................... | ૬) ખબરદાર | – | ...................... |

**સ. ૬ નીચેનાં વાક્યોમાંના રેખાંકિત શબ્દના નામનો પ્રકાર લખો.**

૧) <u>ગુજરાત</u> મોટું <u>રાજ્ય</u> છે.

૨) <u>ગિરનાર</u> <u>જૂનાગઢમાં</u> આવેલો છે.

૩) <u>શાંતાએ</u> <u>બહાદુરી</u> બતાવી.

૪) <u>શૌર્ય</u> માટે તેને <u>પુરસ્કાર</u> મળ્યો.

૫) <u>શાંતાને</u> જોવા <u>ટોળું</u> જામ્યું હતું.

**સ. ૭ ઉદાહરણ પ્રમાણે કરો.** દા.ત. આવવું – આવ્યું.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) વાંચવું | – | ...................... | ૨) લખવું | – | ...................... |
| ૩) આપવું | – | ...................... | ૪) બોલવું | – | ...................... |
| ૫) શોધવું | – | ...................... | ૬) માંગવું | – | ...................... |

♦ **સંભાષણ :** તમે તમારી નાની બહેનને કે નાના ભાઈને હીંચકાવો છો. અચાનક તે હીંચકામાંથી બહાર પડી જાય છે. તેવા સમયે તમે શું કરશો તે કહી બતાવો.

**સ. ૮ યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂરાં કરો.**

૧) ગામડામાં લગભગ ..................................

(ક) પાંચસો – છસો ઘર હતાં. (ખ) સો – સવાસો ઘર હતાં.

(ગ) બસો – અઢીસો ઘર હતાં.

૨) નાનકડી શાંતાની ઉંમર ............................

(ક) પાંચ વર્ષની હતી. (ખ) દસ વર્ષની હતી.

(ગ) બાર વર્ષની હતી.

૩) શાંતાએ દીપડાને ..................................

(ક) લાકડીથી માર્યો (ખ) દાતરડાથી માર્યો.

(ગ) સોંઢાથી માર્યો.

**સ. ૯ 'સત્ય' છે કે 'અસત્ય' તે ખાનામાં લખો.**

૧) ગિરનારની તળેટીમાં એક શહેર છે. [ ]

૨) દીકરો કેશુ સાત વર્ષનો છે. [ ]

૩) માતા–પિતા બગીચામાં ફરવા ગયાં. [ ]

૪) 'બહાદુર બાળા' એક સત્ય ઘટના છે. [ ]

૫) શાંતાએ સિંહને ધરાશાયી કર્યો. [ ]

**સ. ૧૦ યોગ્ય રીતે જોડો.**

| (અ) | (બ) |
|---|---|
| ૧) ગરવું | ક) દાંત |
| ૨) અણિયાળા | ખ) શૌર્ય |
| ૩) વિકરાળ | ગ) કેશુ |
| ૪) વિરલ | ઘ) દીપડો |
| ૫) નાનો | ચ) ગુજરાત |

**સ. ૧૧ તમારા કોઈ બહાદુર મિત્રની બહાદુરી વિશે ૩થી ૪ વાક્યો લખો.**



પ્રકલ્પ

- આવા બહાદુરીભર્યાં પ્રસંગો વર્તમાનપત્રો અથવા સામયિકોમાંથી શોધીને તેનું કટિંગ (કાતરણ) પ્રોજેક્ટ બુકમાં ચોંટાડો.

## હું વાંચું ... તમે પણ વાંચો



### શાબાશ દીકરાને...

પાદરે ટહુકતા મધુર મોરલા રે લોલ !
શેરીએ છોરાંના એવા સાદ જો ;
દન રે ! આથમતાં ગીતો ગુંજવે રે લોલ !
હીંચકે ચઢીને બેની હીંચતી રે લોલ !
વીર તો ખેંચે છે હીરની દોર જો ;
દાદા હરખાતા દેખી ખાટલે રે લોલ !
હેત દાદાનાં ફૂલડે ફોરતાં રે લોલ !
વારતાઓ તો માંડે છે અપાર જો ;
પરીઓ, નદી ને ડુંગર દેશની રે લોલ !
દીકરો કહે છે ધેનુ ચારતા રે લોલ !
કહો દાદા ગોવાળિયાની વાત જો ;
વનમાં વગાડતો કાનો વાંસળી રે લોલ !
એક દન સાંભળવા સર્પ આવિઓ રે લોલ !
દીકરે પૂંછ પકડી ફેંક્યો દૂર જો ;
દાદાએ શાબાશી દીધી ખંતથી રે લોલ !

---

## અધ્યાપન સંકેત



'ચાલો વાંચીએ' અંતર્ગત આપેલ પ્રસંગ પહેલાં શિક્ષકે વાંચી પછી સમૂહવાંચન કરાવવું. ત્યાર પછી બહાદુરી અને પરાક્રમ દર્શાવતી વાર્તા કે પ્રસંગો બાળકો જાણતા હોય તેની ચર્ચા કર્યા પછી કૃતિનું અધ્યયન પ્રશ્નોની મદદથી કરવું. કૃતિનું અધ્યયન કરતી વખતે મૂલ્યમાપનમાં આપેલ કૃતિઓ નજર સામે રાખવી જરૂરી છે. બાળકો કેવા કેવા પ્રસંગે બહાદુરી બતાવી શકે તેની ચર્ચા કરવી. બાળકો પાસેથી તેમની બહાદુરીની કોઈ વાત ઉત્સાહથી સાંભળવી. મુશ્કેલીના સમયે હિંમત હાર્યા વગર બહાદુરીથી તેનો સામનો કરવાની પ્રેરણા આપવી.

**સાહસિક બનો, કાયર કે ડરપોક નહિ.**